# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 07/06/2026** **Morning : 7.10 to 7.20**

**Day : SUNDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **મિત્તલ પટેલ** વાંચે છે.

---

1. **પ્રધાનમંત્રીના ૧૨ વર્ષના સફળ કાર્યકાળ નિમિત્તે રાજ્યભરમાં વિવિધ કાર્યક્રમો યોજાશે.**
2. **ભાવનગર પોલીસે ૧૬ કરોડ ૮૩લાખ રૂપિયાના સાયબર કૌભાંડમાં એક આરોપીની ધરપકડ કરી.**
3. **વલસાડ ટાસ્ક ફોર્સે ઉમરગામ -પારડી GIDCમાંથી 25 બાળ મજૂરોને મુક્ત કરાવ્યા.**
4. અંબાજી નજીકના તળાવમાં ડૂબી જવાથી ત્રણ બાળકોના મોત
5. **વિશ્વ યોગાસન ચેમ્પિયનશિપમાં ભારત 22 સુવર્ણ ચંદ્રકો સાથે ટોચના સ્થાને- રીતુ મંડલ બે સુવર્ણ જીતનાર પ્રથમ ભારતીય બની.**

-----------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો..**

# PRIME MINISTER 12 YEAR

પ્રધાનમંત્રી મોદીના નેતૃત્વના 12 વર્ષ પૂર્ણ થવાના અવસરે વિવિધ જિલ્લામાં અનેક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. જે અંતર્ગત આવતીકાલથી 21 જૂન દરમ્યાન વિવિધ કાર્યક્રમો યોજાશે.

જે અંતર્ગત પ્રગતિપથ યાત્રા,જન કલ્યાણ શિબિર, વિકસિત ભારત સંકલ્પ સંમેલન, પ્રાકૃતિક ખેતી માટે કાર્ય શિબિર,વૃક્ષારોપણ,સ્વચ્છતા ઝુંબેશ સહિતના કાર્યક્રમો યોજાશે.

આ અંગે આયોજીત પ્રેસ કોન્ફરન્સમાં વધુ માહિતી આપતા મંત્રી જીતુ વાઘાણીએ આ મુજબ કહ્યું......

**(BYTE –JITU VAGHANI)**

પ્રધાનમંત્રીના ૧૨ વર્ષના સફળ કાર્યકાળ નિમિત્તે યોજાનારા વિવિધ કાર્યક્રમોના સુચારુ આયોજન માટે જામનગર કલેક્ટર પી.બી.પંડ્યાના અધ્યક્ષસ્થાને સમીક્ષા બેઠક યોજાઈ.

આ બેઠકમાં કલેક્ટર દ્વારા વિવિધ આયોજનો અંગે સંબંધિત વિભાગોની કામગીરીની ઝીણવટભરી સમીક્ષા કરી જરૂરી સૂચનો અને માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.કલેક્ટરએ તમામ સરકારી વિભાગોને પરસ્પર મજબૂત સંકલન સાધીને આ કાર્યક્રમોને સાચા અર્થમાં સફળ, પરિણામલક્ષી અને લોકાભિમુખ બનાવવા માટે આદેશો આપ્યા હતા

**(BYTE – P.B PANDYA,JAMNAGAR COLLECTOR )**

. . . . . . . . . . . . .

# AMRELI --VEKARIYA

ઊર્જા અને કાયદા રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરીયાએ અમરેલી ખાતે રૂ. ૨૫ કરોડથી વધુના વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત કર્યું.

જેમાં સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રીશ્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત અમરેલી શહેરના વિવિધ વિસ્તારોમાં રૂ. ૨૦ કરોડથી વધુના ખર્ચે કોંક્રિટ રોડ , ડ્રેનેજ લાઇન અને સ્ટ્રીટલાઇટના કામો હાથ ધરવામાં આવશે.

આ ઉપરાંત રૂ. ૪ કરોડ ૭૨ લાખના ખર્ચે અમરેલી શહેરના ત્રણ મુખ્ય માર્ગો - સિવિલ હોસ્પિટલ રોડ , સેન્ટર પોઇન્ટથી બી.એ.પી.એસ સ્વામિનારાયણ મંદિર તરફનો માર્ગ તેમજ ભીડભંજનથી બાયપાસ સુધીના માર્ગને આઇકોનિક રોડ તરીકે વિકસાવવામાં આવશે.

મંત્રી શ્રી એ પ્રાંત કચેરી , મામલતદાર ગ્રામ્ય કચેરી અને મોડેલ સબ રજિસ્ટ્રાર ઓફિસના આધુનિક સંયુક્ત વહીવટી સંકુલનું ખાતમુહૂર્ત કર્યું હતું. અમરેલી જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન (ડાયટ) ખાતે ડાયટ સેન્ટર ઓફ એક્સલન્સ યોજના અંતર્ગત નવા ભવનના નિર્માણ કાર્યનું ખાતમુહૂર્ત પણ કરાયું. નવા ભવનમાં પાંચ ઓરડા , સેમિનાર હોલ તથા મીટિંગ હોલ જેવી આધુનિક સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવશે.

. . . . . . . . . . . . .

## 'SUPER CLORINATION' CAMPAIGN

રાજકોટ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં પાણીજન્ય રોગચાળો અટકાવવા 'સુપર ક્લોરીનેશન' અભિયાન હાથ ધરાયું. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં પાણીજન્ય રોગચાળો અટકાવવા દર મહિને પાણીનું શુદ્ધિકરણ કરવા માટે પીવાના પાણીના સંપમાં સુપર ક્લોરીનેશન કરાવવામાં આવે છે. જેથી ઝાડા-ઉલ્ટી, ટાઈફોઈડ, હેપેટાઈટીસ જેવા પાણીજન્ય રોગ અટકાવી શકાય.

આ પ્રસંગે લોકોને પાણીજન્ય રોગ અંગે માહિતગાર કરાયા હતા , તેમજ જનજાગૃતિ માટે વિવિધ પગલાં લેવામાં આવ્યા હતા.

# BHAVNAGAR –CYBER CRIME

ભાવનગર પોલીસે ૧૬ કરોડ ૮૩લાખ રૂપિયાના સાયબર કૌભાંડમાં એક આરોપીની ધરપકડ કરી છે.

ભાવનગર સાયબર ક્રાઈમ પોલીસને મળેલી ચોક્કસ માહિતીના આધારે એક મોટા સાયબર ફ્રોડ રેકેટનો પર્દાફાશ કર્યો છે.ભાવનગર સાયબર ક્રાઈમ પોલીસે DCB બેંક ખાતા દ્વારા દેશભરમાં સાયબર ગુનામાં પૈસાની ઉચાપત કરનાર આરોપી સુમિત પરમારની ધરપકડ કરી છે.

આરોપીના આ બેંક ખાતામાં વર્ષ 2025માં કુલ રૂ. 9કરોડથી વધુ અને વર્ષ 2026 માં રૂ. 7,કરોડ થી વધુ એમ કુલરૂ.16કરોડ ,83 લાખથી વધુના શંકાસ્પદ વ્યવહારો થયા હતા.

આરોપીએ પોતાના અંગત આર્થિક ફાયદા અને કમિશન માટે સાયબર ફ્રોડની આ કમાણી પોતાના ખાતામાં મંગાવતો હતો. ત્યારબાદ તે આ નાણાંને IBFT, RTGS, IMPS અને UPI જેવા ડિજિટલ માધ્યમો દ્વારા અન્ય બેંક ખાતાઓમાં ટ્રાન્સફર કરી નાખતો હતો.

. . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર નું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

ગોન્ગા મ્યુઝિક

....................................

ડેસ્ક

# VALSAD TASK FORCE–CHILD LABOUR

વલસાડ ટાસ્ક ફોર્સે ઉમરગામ -પારડી GIDCમાંથી મહારાષ્ટ્રના 23 સહિત 25 બાળ મજૂરોને મુક્ત કરાવ્યા.

વલસાડ જિલ્લામાં બાળ મજૂરી વિરુદ્ધ વિશેષ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. સંયુક્ત ટાસ્ક ફોર્સે ઉમરગામ અને પારડી GIDC વિસ્તારમાં દરોડા પાડ્યા. આ વિશેષ તપાસ 5 અને 6 જૂન દરમિયાન હાથ ધરવામાં આવી હતી.

તપાસ દરમિયાન ઉમરગામની અરુણોદય સિરામિક કંપનીમાંથી સૌથી વધુ 19 તરુણ શ્રમયોગીઓ મળી આવ્યા હતા. આ ઉપરાંત , UNICORP STAINER મેન્યુફેક્ચરિંગ પ્રા. લિ.માંથી 4 , પારડીની યુનાઈટેડ કોપર ઇન્ડસ્ટ્રીઝમાંથી 1 અને ઈનો પેકસીલ ઇન્ડસ્ટ્રીઝમાંથી 1 તરુણ શ્રમયોગીને મુક્ત કરાયા હતા.

મુક્ત કરાયેલા કુલ 25 તરુણોમાંથી 23 મહારાષ્ટ્ર રાજ્યના હોવાનું જાણવા મળ્યું છે, જ્યારે માત્ર 2 તરુણો ગુજરાતના રહેવાસી છે. પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે રોજગારીના બહાને અન્ય રાજ્યમાંથી લાવવામાં આવેલા આ કિશોરોને વિવિધ ઔદ્યોગિક એકમોમાં કામે લગાડવામાં આવ્યા હતા.

જિલ્લા તંત્રે તમામ મુક્ત કરાયેલા તરુણોની સુરક્ષા અને પુનર્વસનની પ્રક્રિયા શરૂ કરી છે. બાળ મજૂરી કરાવનારા એકમોના માલિકો સામે પણ કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે.

. . . . . . . . . . . .

# GODOWN

ઉમરેઠ ખાતે અનાજ સંગ્રહ માટે નવા ગોડાઉનનું 2 કરોડ 80 લાખના ખર્ચે ખાત મૂર્હુત કરવામાં આવ્યું છે.

આ ગોડાઉનના બાંધકામથી જાહેર વિતરણ પ્રણાલી વધુ સુદ્રઢ બનશે. તો સાથે જ અનાજ સંગ્રહ તથા વિતરણ વ્યવસ્થામાં ગુણાત્મક સુધારો થશે.

આ પ્રસંગે ઉપસ્થિત કેબિનેટ મંત્રી રમણ સોલંકીએ વધુ માહિતી આપી.

**(BYTE- RAMAN SOLNAKI, CABINET MINISTER)**

. . . . . . . . . . . . .

**PTC-DD -NIKITA SHAH-MONALI**

# AMBAJI RELIGIOUS PROGRAM

અંબાજી ખાતે 72 કડવા પાટીદાર સમાજ દ્વારા ધાર્મિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં સમાજના આગેવાનો, મહિલાઓ અને સ્વયંસેવકો ઉત્સાહપૂર્વક જોડાયા હતા.કાર્યક્રમમાં સમાજની એકતા અને વિકાસને કેન્દ્રમાં રાખીને વિવિધ ધાર્મિક અને સામાજિક પ્રવૃત્તિઓ યોજાઈ હતી.

આ પ્રસંગે ઉપસ્થિત ધારા સભ્ય હાર્દિક પટેલે આ મુજબ જણાવ્યું

**(BYTE – HARDIK PATEL,**

# PANSA –CHILD DEATH

અંબાજી નજીકના તળાવમાં ડૂબી જવાથી ત્રણ બાળકોના મોત થયા છે. મૃતકોમાં બે સગા ભાઈઓ હતાં. પાનસા ગ્રુપ ગ્રામ પંચાયતના તલાટી કમ મંત્રી કિરણ ચૌધરીએ બનાવ અંગે વધુ માહિતી આપી હતી..

(બાઈટ:- કિરણ ચૌધરી, તલાટી કમ મંત્રી, પાસાં ગ્રુપ ગ્રામ પંચાયત)

. . . . . . . . . . .

# WORLD YOGA CHAMPIONSHIP

**અમદાવાદમાં ઇકેએ (EKA) એરેના ખાતે રમાઈ રહેલી પ્રથમ વિશ્વ યોગાસન ચેમ્પિયનશિપના ત્રીજા દિવસે યજમાન ભારતે 22 સુવર્ણ , 5 રજત અને 1 કાંસ્ય ચંદ્રક* જીત્યા છે.**

**પશ્ચિમ બંગાળની રીતુ મંડલે પરંપરાગત યોગાસન સીનિયર એ ( Senior A) મહિલા વર્ગમાં ભારતનો પ્રથમ સુવર્ણ ચંદ્રક જીત્યા બાદ ટીમ સ્પર્ધામાં પણ સુવર્ણ મેળવીને બે સુવર્ણ ચંદ્રક જીતનાર પ્રથમ ભારતીય ખેલાડી બનવાનું ગૌરવ પ્રાપ્ત કર્યું હતું.**

**આર્જેન્ટિનાની નાબિલા સોલ બરાઝાએ ત્રણ દિવસમાં બીજો સુવર્ણ ચંદ્રક જીતતા આર્જેન્ટિના બે સુવર્ણ અને બે રજત ચંદ્રક સાથે બીજા સ્થાને ,જ્યારે બે સુવર્ણ અને બે કાંસ્ય ચંદ્રક સાથે સિંગાપોર ત્રીજા સ્થાને છે.**

. . . . . . . . . . . .

# WEATHER

રાજ્યમાં ગરમી અને વરસાદ બંનેનો મિશ્ર માહોલ જોવા મળી રહ્યો છે. હવામાન વિભાગે આજે રાજ્યના અનેક જિલ્લાઓમાં વરસાદની આગાહી કરી છે.

હવામાન વિભાગની આગાહી મુજબ આજે નવસારી , વલસાડ, ડાંગ, તાપી, સુરત, દમણ, દાદરા અને નગર હવેલી, અમરેલી, ભાવનગર તેમજ ગીર સોમનાથ જિલ્લામાં વરસાદ વરસી શકે છે.

સાયકલોનિક સર્ક્યુલેશન અને વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસરને કારણે આગામી સાત દિવસ સુધી રાજ્યના વિવિધ વિસ્તારોમાં વરસાદી માહોલ રહેવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે.

**(BYTE- RAMASHRAY YADAV)**

હવામાન વિભાગના અનુમાન મુજબ રાજ્યમાં 15 જૂન આસપાસ ચોમાસું બેસી શકે છે

. . . . . . . . . . . .

# WORLD ENVIRONMENT DAY

પાટણમાં વૈશ્વિક પરિવાર વનનો શુભારંભ કરી વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી કરાઇ.

વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે પાટણ તાલુકાના નોરતા સ્થિત મહાકાળી પીપળવન ખાતે આર્યાવ્રત નિર્માણ અને રોટરી ક્લબ પાટણ દ્વારા વૈશ્વિક પરિવાર વનનો પ્રારંભ કરવામાં આવ્યો.

આ પ્રસંગે મહાનુભાવો દ્વારા વૃક્ષારોપણ કરાયું. દરેક પરિવારને પર્યાવરણ જતન માટે આગળ આવવા આહ્વાન કરવામાં આવ્યું. આ ઉપરાંત આગામી સમયમાં જિલ્લા પંચાયત વન નિર્માણ કરવાનો સંકલ્પ કરવામાં આવ્યો હતો.

**આ પ્રસંગે પર્યાવરણવિદ નિલેશ રાજગોર એ જણાવ્યું કે , ગ્લોબલ વોર્મિંગ અને ક્લાયમેટ ચેન્જના વૈશ્વિક પડકારોથી જ્યારે વિશ્વ આખું દુષ્પરિણામો ભોગવી રહ્યું છે ત્યારે બાળકોના સુરક્ષિત ભવિષ્ય અને સમગ્ર જીવસૃષ્ટિનું કલ્યાણ થાય એ હેતુથી આ ગ્લોબલ ફેમિલી ફોરેસ્ટની શરૂઆત કરવામાં આવી છે. આ તકે સૌ પરિવારોને પ્રકૃતિના સંરક્ષણ તથા સંવર્ધનની આ ચળવળમાં જોડાવા અપીલ કરવામાં આવી.**

. . . . . . . . . . . . .

**PTC-PATAN -NIKITA SHAH-MONALI**